અપીલ અરજી નં.૨૮ તા.૨૯–૪–૦૮

અરજદારઃ શ્રી અશોકકુમાર કે. મુંજાણી
સામાવાળાઃડીનશ્રી સ્મીમેર અને જાહેર માહિતી અધિકારી

***હુકમઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશોકકુમાર કે. મુંજાણીની તા.૧૯–૩–૦૮ની અરજીથી માંગેલ મહેકમ વિભાગના તા.૧૧–૩–૦૮ ના પત્રની નકલ તેમજ પ્રોફેસર ઓફ સર્જરીની જગ્યા બાબતે માહિતી નિયત સમયમાં મળેલ ન હોવાનું જણાવી કરેલ તા.૨૯–૪–૦૮ ની અપીલ બાબત.
***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૯–૪–'૦૮ ની અપીલ અરજી નં.૨૮/૨૦૦૮–૦૯

શ્રી અશોકકુમાર કે. મુંજાણીનીતા.૧૯–૩–૦૮ની અરજીથી વિષયમાં જણાવેલ માહિતી નિયત સમયમાં મળેલ ન હોવાનું જણાવી અપીલ કરેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬ તા.૮–૫–૦૮ થી ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્મીમેર ને જણાવવામાં આવેલ. જેના અનુસંધાને સ્મીમેર આ.નં.૬૪૬ તા.૧૫–૫–૦૮ થી અત્રે માહિતી મળેલ છે. જેમાં તઓ કક્ષાએથી તા.૧૬–૪–૦૮ના પત્રથી અરજદારને આપવામાં આવેલ " જરૂરી ફી/ખર્ચ અત્રેની કચેરીએ જમા કરાવી નકલ મેળવી લેવા તેમજ ઉપલબ્ધ દફતર પરથી માહિતિ પુરી પાડેલ હોવાની તથા પ્રોફેસર ઓફ સર્જરીની જગ્યા ખાલી હોવાની માહિતિ જણાવતા પત્રની નકલ મળેલ છે.

જાહેર માહિતી અધિકારી તરફથી સદર અરજી તા.૧૯–૩–૦૮ની માહિતી સ્મીમેર આ.નં. ૨૧૦ તા.૧૬–૪–૦૮ ના રોજ અરજીના મુદ્દા નં. ૧ થી ૩ ના જવાબ પાઠવવામાં આવેલ છે. જેમાં ટપાલ ડીસ્પેચના પુરાવા રજુ કરવામાં આવે છે. તેથી અરજદાર માહિતી ન મળ્યાનો દાવાને સમર્થન મળતું નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડીનશ્રી સ્મીમેર ધ્વારા તા.૧૬–૪–૦૮ ના રોજ આપવામાં આવેલ છે. જે મુજબ નિયત ફી ભરી મહેકમ વિભાગના પત્ર તા.૧૧–૩–૦૮ ની નકલ મેળવી લેવા જણાવેલ હોઈ અરજદાર તે મુજબ અનુસરી નકલ મેળવી શકે છે. જયારે બાકીના મુદ્દાઓ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડેલ હોઈ તે અંગે અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતી ન હોઈ અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર(૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, ..... જાણ માટે
(૨) શ્રી અશોક કે. મુંજાણી,